દિલ્હીમાં ૭૦ ટકા મતદાન



એએપી અને ભાજપના ઉંચા મતદાન બાદ જીતવાના પરસ્પર દાવા : બંનેની પ્રતિષ્ઠા દાવ પર લાગી : ૬૭૩ ઉમેદવારોના ભાવિ ઇવીએમમાં સીલ થયા

નવી દિલ્હી,તા. ૭

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે રેકોર્ડ ઉંચુ મતદાન થયું હતું. શાંતિપૂર્ણ માહોલમાં ૬૭થી ૭૦ ટકા જેટલું મતદાન થયું હતું. ઉંચુ મતદાન થયા બાદ ભાજપ, એએપી દ્વારા જીતના દાવા કરવામાં આવ્યાહતા. બીજી બાજુ કોંગ્રેસે પણ દેખાવમાં સુધારો થશે તેવી વાત કરી હતી. કોઇ જગ્યાએ કોઇ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. હવે સરકાર કોની બનશે તે બાબત ૧૦મી ફેબ્રુઆરીના દિવસે જાહેર થશે. કારણ કે, ૧૦મીએ ચૂંટણી પરિણામ જાહેર થશે. મતોની ગણતરી કરાશે. આજે સવારે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની શરૂઆત થઇ હતી. તમામ મતદારોમાં ભારે ઉત્સાહ દેખાઇ રહ્યો હતો. મોટા ભાગના મતદાન મથકો પર લોકોની લાંબી લાઇન જોવા મળી રહી હતી. કોઇ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. દિલ્હીમા ૧.૩૩ કરોડ મતદારો ચૂંટણી મેદાનમાં રહેલા ૬૭૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે ઉત્સુક દેખાયા હતા. દિલ્હીમાં ચૂંટણી ભાજપ માટે પણ પ્રતિષ્ઠાજનક બની ગઇ છે. ચૂંટણી પેનલ દ્વારા શાંતિપૂર્ણ અને સાનુકુળ મતદાન થાય તે માટે સાવચેતીના તમામ પગલા લેવાયા હતા. સવારે આઠ વાગે મતદાન શરૂ થયા બાદ સાંજે છ વાગે સુધી મતદાન ચાલ્યું હતું. ચૂટણી પંચના જણાવ્યા મુજબ ૧૨૧૭૭ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા જ્યાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

મતદાન મથકો પૈકીના ૭૧૪ સંવેદનશીલ અને ૧૯૧ અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં વિધાનસભાની ચુંટણી માટે હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ પ્રચારનો ગઇકાલે અંત આવી ગયો હતો. આની સાથે જ સાતમી ફેબ્રુઆરીના દિવસે મતદાન માટેનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. દિલ્હીમાં આ વખતે ભાજપ અને એએપી વચ્ચે ગળાકાપ સ્પર્ધા દેખાઈ રહી છે. દિલ્હીમાં કોણ સરકાર બનાવશે તે અંગે સસ્પેન્સનો અંત ૧૦મી ફેબ્રુઆરીના દિવસે આવશે. દિલ્હીમાં વર્ષ ૨૦૧૩માં યોજાયેલી ચુંટણીમાં કોઈને પણ બહુમતી મળી નહતી. આ ચુંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી અને તેને ૩૨ બેઠકો મળી હતી. જોકે, બહુમતીના આંકડાથી તે સહેજમાં પાછળ રહી હતી. સરકાર બનાવવામાં નિષ્ફળ રહી હતી. જેના કારણે લેફ્ટી ગવર્નર નજીબ જંગે ભાજપ બાદ બીજા નંબરની પાર્ટી રહેલી એએપીને સરકાર બનાવવા આમંત્રણ આપ્યું હતું. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે એએપીએ કોંગ્રેસના બહારના સમર્થન સાથે સરકારની રચના કરી હતી. શીલા દીક્ષિતને ચુંટણીમાં હાર આપનાર અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા હતા.

તોગડિયાના ભાષણનું વિહિપ લાઈવ ટેલિકાસ્ટ કરવા તૈયાર

બેંગ્લોર,તા. ૭

કર્ણાટક હાઈકોર્ટે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના આધાર પરશહેરમાં વિહિપના નેતા પ્રવિણ તોગડિયાના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવાના પોલીસના આદેશ પર સ્ટે મુકવાની માટેની વિહિપની અરજીને કર્ણાટક હાઈકોર્ટે ફગાવી દીધાના એક દિવસ બાદ વિહિપે આવતીકાલે યોજાનાર કાર્યક્રમમાં વિડિયો કોન્ફરન્સિગ મારફતે તેમના ભાષણનું લાઇવ ટેલિકાસ્ટ કરવાની તમામ તૈયારી કરી લીધી છે. વિશ્વ હિન્દુ પરિષદના જનસંપર્ક અધિકારી મંજુનાથ સ્વામીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તોગડિયા પહેલાથી જ કર્ણાટક સરહદ ઉપર પહોંચી ચુક્યા છે. તેવો આવતીકાલે અથવા આજે પ્રવેશ કરી શકે છે. બેંગ્લોર શહેરમાં તેમના પ્રવેશ ઉપર સ્ટે મુકવામાં આવ્યો છે પરંતુ વિડિયો કોન્ફરન્સિગ વ્યવસ્થા મારફતે તેમના ભાષણ ઉપર કોઇ પ્રતિબંધ મુકાયો નથી. જસ્ટિસ અબ્દુલ નાજીરે ગઇકાલે વચગાળાની અરજીને ફગાવી દીધી હતી. તોગડિયાના શહેરમાં પ્રવેશ ઉપર પમી ફેબ્રુઆરીથી પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ૧૧મી ફેબ્રુઆરી સુધી આ પ્રતિબંધ અમલી રહેશે. શહેર પોલીસ કમિશનર એમએન રેડ્ડીએ અગાઉ તોગડિયાના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુક્યો હતો.

બિહારમાં રાજકીય કટોકટી ગંભીર : માંઝીની હકાલપટ્ટી

પટણા,તા. ૭

બિહારમાં રાજકીય કટોકટી ઉભી થઇ ગઇ છે. નાટ્યાત્મક ઘટનાક્રમના દોર વચ્ચે જનતાદળ યુનાઇટેડે પાર્ટીમાંથી બિહારના મુખ્યમંત્રી જીતનરામ માંઝીની હકાલપટ્ટી કરી દીધી છે અને બિહાર વિધાનસભા પાર્ટીના નેતા તરીકે ફરીવાર નીતિશકુમારની નિમણૂંક કરી છે. જેથી નીતિશકુમારના મુખ્યમંત્રી બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. બિહાર વિધાનસભાને વિખેરી નાંખવાની ભલામણ કર્યા બાદ જેડીયુ દ્વારા જીતનરામ માંઝીની પાર્ટીમાંથી પણ હકાલપટ્ટી કરી છે. દિવસભર ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. આ દોર દરમિયાન બિહારના મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ રાજયમાં રાજકીય મડાંગાઠના અનુંસંધાનમાં રાજ્ય વિધાનસભાને વિખેરી નાંખવા રાજયપાલ કેસરીનાથ ત્રિપાઠીને અપીલ કરી હતી. રાજયના નાણાપ્રધાન વિજેન્દ્ર યાદવે કહ્યું છે કે, જીતનરામ માંઝીએ કેબિનેટ બેઠકમાં બિહાર વિધાનસભાને વિખેરી નાંખવા માટેની દરખાસ્ત રજૂ કરી હતી જેમાં સાત પ્રધાનોને ટેકો મળ્યો હતો. નીતિશકુમાર તરફથી ૨૧ પ્રધાનોએ જીતનરામ માંઝીની દરખાસ્તનો વિરોધ કર્યો હતો. બિહારના રાજયપાલે પીકે શાહી અને રાજીવરંજન સિંહ લલ્લનની હકાલપટ્ટી કરવા મુખ્યમંત્રી માંઝીની ભલામણને સ્વીકારી લીધી હતી. નીતિશકુમારની નજીક રહેલા આ

બંને રાજ્ય કેબિનેટના પ્રધાનોની હકાલપટ્ટી કરવાની માંગ કરવામાં આવી હતી. અગાઉ માંઝીએ રાજીનામુ આપવાના પાર્ટી નેતાગીરીના નિર્ણયને ફગાવી દીધો હતો અને તેમના લીડર નીતિશકુમારના નિવાસસ્થાને મળવા માટે પહોંચી ગયા હતા જ્યાં તેમની વચ્ચે વાતચીત થઇ હતી. રાજકીય કટોકટી વચ્ચે જેડીયુના પ્રમુખ શરદ યાદવે જેડીયુ ધારાસભ્યોની બેઠક બોલાવી હતી. માંઝી તરફી પ્રધાનો નરેન્દ્ર સિંહ અને બ્રિસેન પટેલ તેમની કારમાં મુખ્યમંત્રીની સાથે રહ્યા હતા. આ મિટિંગ એવા સમયે યોજાઈ હતી જ્યારે હકાલપટ્ટીના ભણકારા વાગી રહ્યા હતા. બિહારમાં ઘટનાક્રમ ઝડપથી બદલાઈ રહ્યો છે. જેડીયુ ધારાસભ્યોની બેઠકમાં નીતિશકુમારને નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. આ બેઠકમાં જીતનરામ માંઝી ઉપસ્થિત રહ્યા ન હતા. નીતિશકુમારે બેઠકમાં ખાસ હાજરી આપી હતી. માંઝીએ વધુ ૧૫ પ્રધાનોની હકાલપટ્ટીની ભલામણ કરી છે.

શિક્ષણ લોન સામે મુક્તિ ૧૦ વર્ષ કરવાની અપેક્ષા

નવી દિલ્હી,તા. ૭

વર્ષ ૨૦૧૫-૧૬નુ સામાન્ય બજેટ નાણાં પ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવા જઇ રહ્યા છે ત્યારે તેમનાથી દરેક વર્ગના લોકો ચોક્કસ પ્રકારની અપેક્ષા રાખી રહ્યા છે. સામાન્ય બજેટથી વિદ્યાર્થી સમુદાય અને વાલીઓ પણ અપેક્ષા રાખી રહ્યા છે. વિદ્યાર્થીઓને અપેક્ષા છે કે બજેટમાં શેક્ષણિક લોન સામે મુક્તિને વર્તમાન આઠ વર્ષના બદલે વધારીને દસ વર્ષ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને આશા છે કે સર્વિસ ટેક્સમાં વધુ વધારો કરાશે નહી. જો સર્વિસ ટેક્સમાં વધારો કરાશે તો શૈક્ષણિક સંસ્થાઓ તેમની ફીમાં વધારો કરશે. સ્થાનિક ઉચ્ચ શિક્ષણને વધુ સરળ અને પોષાય તેવા બનાવવા માટે સરકારે કેટલાક પગલા લેવા જોઇએ. જેના ભાગરૂપે શેક્ષણિક લોનના રેટમાં ઘટાડો કરવાની માંગ પણ કરવામાં આવી રહી છે. દરમિયાન નાની બચતને પ્રોત્સાહન આપવા માટે પગલાની માંગ ઉઠી રહી છે. ઇક્વિટી સ્કીમોની શરૂઆત કરવાની માંગ ઉઠી રહી છે.

વર્ષ ૨૦૧૨-૧૩માં રાજીવ ગાંધી ઇક્વિટી સેવિગ્સની જાહેરાત કરવામાં આવી હતી. આ સ્કીમનો હેતુ રીટેલ રોકાણકારોને પ્રોત્સાહન આપવાનો હતો. સ્તાનિક મુડીબજારમાં નાના રોકાણકારોની બચત આવે તેવો હેતુ હતો. ઇન્ફ્રાસ્ટકર ડેબ્ટ ફંડને ટેક્સ સેવિગ્સ બોન્ડ જારી કરવાની પરવાનગી આપવાની માંગ પણ કરવામાં આવી રહી છે.

રેલવે યાત્રી ભાડામાં કોઇ વધારો કરાશે નહીં : સિંહા

લખનૌ, તા. ૭

સંસદમાં રેલવે બજેટ રજૂ કરવામાં આવે તે પહેલા રેલવે રાજ્યપ્રધાન મનોજ સિંહાએ આજે એમ કહીને લોકોને રાહત આપી હતી કે, રેલવે યાત્રી ભાડામાં વધારો કરવાની કોઇપણ દરખાસ્ત નથી. સપ્તાહમાં ત્રણ વખત લખનૌ-કથગોદામ એક્સપ્રેસને લીલીઝંડી આપવા સાથે સંબંધિત એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું હતું કે, રેલવે બજેટ અંગે એડવાન્સમાં વાત કરવાની બાબત બિલકુલ યોગ્ય નથી. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, રેલવે બજેટ ઉપર સંસદમાં ચર્ચા કરવામાં આવશે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, રેલવે યાત્રી ભાડામાં હાલમાં વધારો કરવાની કોઇપણ દરખાસ્ત નથી. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે સંસદમાં રજૂ કરવામાં આવનાર બજેટમાં ઉત્તરપ્રદેશ માટે શું રહેશે તે અંગે પૂછવામાં આવતા ઉત્તરપ્રદેશમાં ગાઝિયાબાદમાં લોકસભાના સભ્ય સિંહાએ કહ્યું હતું કે, લખનૌ માટે બજેટમાં ઘણું બધુ રહેશે પરંતુ હાલમાં આ અંગેની કોઇ જાહેરાત કરવી બિલકુલ યોગ્ય નથી. કેન્દ્રીય રેલવે પ્રધાન સુરેશ પ્રભુ હાલમાં જ કહી ચુક્યા છે કે, રેલવે યાત્રી ભાડામાં ઘટાડો કરવાની કોઇ દરખાસ્ત નથી. ડિઝલની કિંમતોમાં ઘટાડો નોંધાયો હોવા છતાં યાત્રી ભાડા ઘટાડવામાં આવશે નહીં. રેલવે હાલમાં તેના ખર્ચ પૈકીના ૫૦ ટકા ખર્ચને રિકવર કરી શકે છે. ભાડામાં યાત્રીઓને આપવામાં આવતી સબસિડીને લઇને ચર્ચા છે. રેલવે સર્વિસને લોકોની અપેક્ષા મુજબ બનાવવા માટે તેને આધુનિક બનાવવામાં આવી રહી છે. નેટવર્કને પણ વધુ વિસ્તૃત કરવામાં આવી રહ્યું છે. સિંહાએ કહ્યું છે કે, માંગ અને સપ્લાય વચ્ચે ખુબ અંતર છે. નાણાની બાબત પણ ખુબ મહત્વપૂર્ણ છે. સંશાધનો ઉભા કરવાની બાબત ખુબ જટિલ પ્રક્રિયા છે. સુરેશ પ્રભુ માટે રેલવે બજેટમાં તમામને રાજી રાખવાની બાબત સરળ રહેશે નહીં. કારણ કે, સંશાધનોને લઇને પડકારરુપ સ્થિતિ રહેલી છે. રેલવે બજેટ તૈયાર કરવામાં સુરેશ પ્રભુ તેમની ટીમ સાથે વ્યસ્ત બનેલા છે.

મૂડી ખર્ચ વધારવા અને કૃષિ પર વિશેષ ધ્યાન : ફડનવીસ

મુંબઈ, તા. ૭

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે આજે કહ્યું હતું કે, મૂડી ખર્ચને વધારવા અને કૃષિ ઉત્પાદનને વધારવા ઉપર તેમની સરકાર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરશે. સત્તાના ૧૦૦ દિવસ ફડનવીસ સરકારના પુરા થઇ ગયા છે. એક મુલાકાતમાં ફડનવીસે કહ્યું હતું કે, ૧૦૦ દિવસનો ગાળો સરકારમાં દેખાવના મુલ્યાંકન માટે ખુબ ટુંકો ગાળો હોય છે. આ ટુંકા ગાળામાં તેના ઇરાદા અંગે જ માહિતી મળી શકે છે. અમે આ બાબત સાબિત કરી ચુક્યા છે કે, અમે યોગ્ય ટ્રેક ઉપર આગળ વધી રહ્યા છે. રાજ્યમાં સૌથી ખતરનાક દુષ્કાળની સ્થિતિ હાલમાં રહેલી છે. ૪૦૦૦૦ ગામો પૈકીના ૨૪૦૦૦ ગામો દુષ્કાળના સકંજામાં આવી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, અમે એવી ખાતરી પણ કરી ચુક્યા છે કે, રાહત ૬૦ લાખ ખેડૂતો સુધી પહોંચી રહી છે. લાંબાગાળાના પગલા લેવામાં આવી રહ્યા છે. જળયુક્ત સિવર યોજના શરૂ કરવામાં આવી ચુકી છે. ૫૦૦૦ ગામોને દર વર્ષે દુષ્કાળમુક્ત કરવાનો આની પાછળ હેતુ રહેલો છે. આ સ્કીમથી ખેડૂતો તેમની ભેજની સ્થિતિને સુધારી શકશે અને કૃષિ ઉત્પાદનમાં વધારો કરી શકશે. અમે ખેડૂતો માટે સોલારપંપની સ્કીમ પણ શરૂ કરી રહ્યા છે. જેનો મુખ્ય હેતુ ખેડૂતોને લાભ પહોંચાડવા માટેનો છે. દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં તેમની ઉપસ્થિતિના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, ખેડૂતોને તમામ સુવિધા મળે તેવો હેતુ રહેલો છે. કૃષિ સેક્ટરમાં મૂડીરોકાણને વધારવા ઉપર મુખ્ય ધ્યાન અપાઈ રહ્યું છે. રાજ્યના ઇન્ડસ્ટ્રીઝ સ્થાપિત કરવા પરમીશન વ્યવસ્થાને ઘટાડવા પગલા લેવામાં આવ્યા છે. જમીનની ફાળવણી અને પરમીશનની જુદી જુદી બાબતનું મૂલ્યાંકન થઇ રહ્યું છે. વસતી પૈકીની ૫૦ ટકા વસતીની વય નાની છે જેથી આ ક્ષેત્રમાં ધ્યાન આપવાની જરૂર છે. કુશળતા વધારવાની જરૂર છે. આર્થિક પર્યાવરણને અસરકારક બનાવવાની પણ જરૂર છે.

ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ દ્વારા સંયુક્ત રીતે આયોજન

વર્લ્ડ કપ ૨૦૧૫ માટે બધી તૈયારી : ૧૪મીથી શરૂઆત

નવી દિલ્હી,તા. ૭

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ ચાહકો રાહ જોઇ રહ્યા છે તે વર્લ્ડ કપ ૨૦૧૫ની તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ દ્વારા સંયુક્તરીતે આ વખતે વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યુ છે. ૧૧માં ક્રિકેટ વર્લ્ડ કપને લઇને ભારે ઉત્સાહ છે. વર્લ્ડ કપની મેચો ૧૪મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે. વર્લ્ડ કપ દરમિયાન કુલ ૪૯ મેચો રમાશે. કુલ ૧૪ ટીમો ભાગ લઇ રહી છે. રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ૧૪ ટીમોની સાથે સાથે ૪૦૦ એક્રીડેટેડ ખેલાડી અને અધિકારીઓ આમાં ભાગ લઇ રહ્યા છે. હવે વર્ષ ૨૦૧૯માં વર્લ્ડ કપ ઇંગ્લેન્ડમાં રમાશે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામા આવ્યું છે.

અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ.સચિન તેન્ડુલકર વર્ષ ૨૦૧૫ માટે અમ્બેસેડર તરીકે છે. વર્ષ ૨૦૧૧માં પણ ૧૪ ટીમોએ બાગ લીધો હતો. વર્ષ ૨૦૧૧માં પણ આ જ ફોર્મેટના આધારે મેચો રમાઇ હતી. ફોર્મેટ મુજબ ૧૪ ટીમો શરૂઆતના તબક્કામાં બાગ લેશે. સાત સાતના બે ગ્રુપમાં ટીમોને વહેચી દેવામાં આવનાર છે.

ક્વાર્ટર ફાઇનલ માટે દરેક ગ્રુપ માટે ક્વાલીફાય થશે. પ્રથમ તબક્કામાં દરેક ટીમ એકબીજા સામે રમશે. ફોર્મેટ મુજબ દરેક ટીમ કુલ છ મેચો રમશે. ૨૯મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે આઇસીસીએ જાહેરાત કરી હતી કે જો ફાઇનલ મેચ ટાઇ થશે તો સુપર ઓવરનો ઉપયોગ કરવામાં આવશે. આ નિર્ણય પહેલી વખત અમલી બનાવવામાં આવનાર છે.ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઇનામી રકમ ૧૦ મિલિયન ડોલરની રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ટકા વધારે ઇનામી રકમ છે. ટીમના દેખાવ મુજબ ઇનામી રકમ મળશે. જેથી વિજેતા ટીમ એક પણ મેચમાં હારશે નહી તો તેને ૪૨૪૫૦૦૦ ડોલર મળશે એટ કે વિજેતા રકમ ઉપરાંત દરેક ગ્રુપ સ્ટેજની મેચમાં જીતના ૪૫૦૦૦ ડોલરનો સમાવેશ થાય છે.

ભારતમાં ૧૦૦ ટકા બેંકિંગ સુવિધાઓ ઉભી થઇ રહી છે

સંયુક્તરાષ્ટ્ર,તા. ૭

યુએન કમિશને દાવો કર્યો છે કે, ભારત ૧૦૦ ટકા બેંક ધરાવનાર દેશ બનવા તરફ જઈ રહ્યું છે. ઝડપી વિકાસના હેતુસર નાણાંકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવા તેના નાગરિકોને ભારતમાં બેંકિંગ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી ચુકી છે. કમિશન ઓફ સોશિયલ ડેવલપમેન્ટનું કહેવું છે કે, યુનિવર્સલ બેંકિંગની શરૂઆત બાદથી પાંચ મહિનાના ગાળામાં પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ ૧૦૦ મિલિયન લોકો બેંક ખાતા ખોલાવી ચુક્યા છે. યુએનના અધિકારી મયંક જોશીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું છે કે, આ આંકડો ખુબ જ શાનદાર છે. ભારતમાં આજે ૧૦૦ ટકા બેંકિંગની સુવિધા થઇ રહી છે. સેક્રેટરી જનરલ બાન કી મૂને પણ કહ્યું છે કે, ભારતમાં ગુણવત્તાની સ્થિતિમાં પણ સુધાર થઇ રહ્યો છે. વડાપ્રધાન નેરન્દ્ર મોદીની ગરીબી નાબૂદીની જાહેરાત મૂળભૂત પરિબળ તરીકે છે. જોશીએ કહ્યું છે કે, ભારતમાં વિકાસની પ્રક્રિયા આવનાર દિવસોમાં પણ વધુ ઝડપથી વધી શકે છે. જનધન યોજના વિશ્વની સૌથી મોટી કેશ ફોર વર્ક પ્રોગ્રામ તરીકે છે. ૧૦૦ દિવસના નોકરીના કાર્યક્રમ હેઠળ મનરેગાની યોજના પણ આકર્ષક રહી છે. હાઉસિંગ અને આરોગ્ય, વિમા, રોજગારી ઉભી કરવા, પરિવાર નિયોજન જેવા ક્ષેત્રોમાં ઘણા બધા પગલા લેવામાં આવી ચુક્યા છે.

નરેન્દ્ર મોદી લશ્કરી વિકલ્પનો ઉપયોગ કરી શકે

ત્રાસવાદી હુમલામાં પાકનો હાથ હશે તો જવાબી કાર્યવાહી

નવી દિલ્હી,તા. ૭

ભારત પર કોઇ નવા ત્રાસવાદી હુમલામાં હવે પાકિસ્તાનનો હાથ નિકળશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી લશ્કરી કાર્યવાહીના વિકલ્પનો ઉપયોગ કરી શકે છે. મોદી આક્રમક મુડમાં દેખાઇ રહ્યા છે. તેઓ પાકિસ્તાનના નવા કોઇ કૃત્યને ચલાવી લેવાના મુડમાં દેખાઇ રહ્યા નથી. અમેરિકાના એક ટોચના રાજકીય નેતાએ આ મુજબની વાત કરી છે. તેમણે આવી ચેતવણી આપતા આશા વ્યક્ત કરી છે કે પાકિસ્તાન આ બાબતને સમજશે કે તેના અગાઉ જેવા

વર્તનને કોઇ કિંમતે ચલાવી લેવાશે નહી. ભારતમાં અમેરિકાના પૂર્વ રાજદુત રોબર્ટ બ્લેકવિલે કહ્યું છે કે ૧૫ વર્ષ પહેલા દિલ્હીમાં સંસદ પર થયેલા હુમલા બાદ જ્યારે પણ આ પ્રકારની ઘટના બની છે ત્યારે ભારતીય વડાપ્રધાન દ્વારા લશ્કરી કાર્યવાહી અંગે વિચારણા કરવામાં આવી હતી અને ત્યારબાદ આવુ નહી કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ભારતની અંદર ભાવનાઓમાં જોરદાર ફેરફાર થયો છે.

આવી સ્થિતીમાં મોદી આવા નિર્ણય લેવામાં પીછેહટ કરે તેવી શક્યતા ઓછી છે. એક પ્રમુખ અમેરિકી વિચારક સંસ્થા કાઉન્સિલ ઓન ફોરેન રિલેસન્સના કાર્યક્રમમાં બ્લેકવિલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે જો હવે નવા હુમલા થશે અને તેના સંબંધ પાકિસ્તાન સાથે નિકળશે તો મોદી પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ અપનાવી શકે છે. તેમના આ નિવેદનના કારણે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા છે. પાકિસ્તાન સ્થિત ત્રાસવાદીઓ છેલ્લા કેટલાક સમયથી ભારતમાં હુમલા કરવાની યોજના બનાવી રહ્યા છે. આવી સ્થિતીમાં પાકિસ્તાન પ્રાયોજિત ત્રાસવાદી હુમલાની સ્થિતીમાં મોદી લશ્કરી કાર્યવાહી કરી જડબાતોડ જવાબ આપી શકે છે.

સમાચાર ઝલક

- એસ.ટી.માં ૮ ટકા ભાડા ઘટાડા માટે સરકારે વિચારણા હાથ ધરી.
- ઓટવમાં આંગડીયા કર્મચારીને બંધક બનાવી ચાકુની અણીએ રૂ. ૩ લાખની લુંટ.
- ગુજરાત યુનિ.માં બીજા દિવસે પણ હોબાળો - એસએસયુઆઈ-પોલીસ વચ્ચે ઘર્ષણ.
- સુરેન્દ્રનગરમાં યુવતી વેચવાના ગોરખ ધંધાનો પર્દાફાશ. પોલીસ વરરાજા-બાપ બની.
- વડોદરામાં પ્રમુખસ્વામીના ગુરુના જન્મ સ્થળે આકાર પામ્યું સ્વામિનારાયણ મંદિર.
- ગોંડલમાં શાહી લગ્નના જમણવારમાં ૭૫ અવનવા વ્યંજનો.
- સાયકલ યાત્રા : ઇંગ્લેન્ડની યુવતીઓ વટવાણ પહોંચી, ઐતિહાસિક સ્થળો નિહાળ્યાં.
- ૫૦ ટકા બિઝનેસ સાથે ભારતમાં ગુજરાત પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીનું હબ.
- ઈઝરાયલની નેટાફીમ કંપનીએ વિકસાવી નવી ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ જેનાથી પાણી વાળવા ખેતરે જવું નહીં પડે.